## ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ

### ઉમેદવારો જોગ અગત્યની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અમદાવાદ ધ્વારા નીચેના સંવર્ગોની ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન લીસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ પંચાયત વિભાગની વેબસાઇટ http://panchayat.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે.આ ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા ૧૭-૪-૨૦૧૨ ના નોટીફીકેશન નં.કેપી/૧૧/૨૦૧૨/પીઆરઆર/૧૦૨૦૦૯/૧૯૭૬/ ડી ની જોગવાઇ અન્વયે **રૂબરૂ ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણી કાર્યક્રમમાં** નીચેની વિગતે બોર્ડની કચેરીએ અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. આ અંગે ઉમેદવારોએ આપેલ મોબાઇલ નંબર ઉપર SMS થી જાણ કરવામાં આવેલ છે.આમ છતા કોઇ પણ સંજોગોમાં જાણ ન થાય તો પણ ઉમેદવારે નીચે દર્શાવેલ તારીખ અને સમયે અચુક હાજર રહેવાનું રહેશે જેની ખાસ નોધ લેવી.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના યાદી ક્રમાંક((SR.NO) | ફાઇનલ સીલેકશન અને રેકમન્ડેશન યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે જિલ્લા ફાળવણી કાર્યક્રમની તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | તારીખ | સમય |
| ૧૨/૨૦૧૬-૧૭ નાયબ ચીટનીશ | ૧ થી ૮૭ | ૨૧-૩-૨૦૧૭ મંગળવાર | સવારે ૯-૦૦ કલાકે |
| ૪/૨૦૧૬-૧૭ વિસ્તરણ અધિકારી(ખેતી) | ૧ થી ૫૯ | ૨૧-૩-૨૦૧૭ મંગળવાર | સવારે ૯-૦૦ કલાકે |
| ૨/૨૦૧૬-૧૭ કમ્પાઉન્ડર | ૧ થી ૧૫૫ | ૨૧-૩-૨૦૧૭ મંગળવાર | બપોરે ૧૪-૦૦ કલાકે |
| ૧૧/૨૦૧૬-૧૭ લેબોરેટરી ટેકનીશીયન | ૧ થી ૨૬૦ | ૨૨-૩-૨૦૧૭ બુધવાર | સવારે ૯-૦૦ કલાકે |
| | ૨૬૧ થી ૫૦૧ | ૨૨-૩-૨૦૧૭ બુધવાર | બપોરે ૧૪-૦૦ કલાકે |

**સુચના:-**

(૧) ઉમેદવારે જાતે હાજર રહેવાનું રહેશે.

(૨) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો તથા ફોટો આઇડી પ્રૂફ અને કલર પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ સાથે લાવવાનો રહેશે.

(૩) કોઇ કારણસર સબંધિત ઉમેદવાર જાતે હાજર રહી શકે તેમ ન હોય તેવી પરિસ્થિતિમાં એફીડેવીટ ઉપર ઓથોરીટી લેટર સાથે અધિકૃત કરેલ વ્યકિતને હાજર રાખી શકશે.સદર ઓથોરીટી લેટર ઉપર ઉમેદવારનો અને જેને અધિકાર આપેલ છે તે વ્યકિતનો ફોટો ચોટાડેલ હોવો જોઇએ અને સદર બંને ફોટા ઉપર સબંધિત ઉમેદવારે સહી કરેલ હોવી જોઇએ. સદર અધિકૃત કરેલ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી સબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે.અધિકૃત કરેલ વ્યકિતએ પોતાના ઓળખપત્રની અસલ અને ઝેરોક્ષ નકલ સાથે રાખવી. ઓથોરીટી લેટર એફીડેવીટ સ્વરુપે હોવો જોઇશે.

(૪) ઉમેદવાર પોતે હાજર ન રહે અથવા જિલ્લા પસંદ ન કરે અથવા પસંદ કરવાનો ઇન્કાર કરે તેવા કિસ્સામાં બોર્ડનો નિર્ણય આખરી રહેશે અને ત્યારપછી આ બાબતે કોઇ પણ દાવો/વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**સ્થળ:-** ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડની કચેરી, સી-૧,બહુમાળી ભવન, ડ્રાઇવઇન રોડ, હિમાલયા મોલની સામે,વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦૦૫૨

ફોન નં. ૦૭૯-૨૭૯૧૦૨૪૫

સચિવ

**સ્થળ:-** અમદાવાદ

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,